સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ
ફોન : ૨૩૨૨૬૧૧

પોકળ વચને નેતાઓ પ્રજા સાથે રમે રમત!
માટીના મકાન આપી ગરીબો સાથે રમે રમત!
રમે રમત સરકારી તિજોરી સાથે કૌભાંડીઓ -
'સસ્તાં મકાન' નામે જિંદગીઓ સાથે રમે રમત!
(વુડા ના પેટ તરફ ગુડા..)

ગણે ઘડીઓ,
ઉપડ્યો સંન્નેપાત -
'નિરાશારામ'

હવે ભાંગે છે,
ઉતાવળે સાંસદો -
ફુલડે ગોળ..
('સ્વાર્થ' નાં બીલો પસાર)

ચિંતન

એતદર્થ કુલીનાનાં નૃપાં કુર્વન્તિ સંગ્રહમ્ ।
આદિત્ય મધ્યા અવસાનેષુ નત્યજન્તિ ચ નૃપમ્ ॥

ચાણક્ય નીતિનો આ શ્લોક છેઃ

રાજાઓએ (પ્રધાનોએ) આસપાસ પોતાના કાર્યાલયમાં (સચિવ-સલાહકાર અંગત મદદનીશ) તરીકે કુલીન-વિદ્વાન અને સંસ્કારી વ્યક્તિઓની જ નિમણૂક કરવી જોઇએ. જેથી કરીને નિસ્વાર્થ વફાદારી સાથે ફરજ તો બજાવે પણ રાજાની ઉન્નતિમાં મદદરૂપ થાય અને પડતીના સમયે સંપૂર્ણ વફાદારી પૂર્વક સાથ નિભાવે અને દગાબાજી કરી રાજાને છોડીને જતો ન રહે.'

આજકાલ લાગવગ, દબાણ, અને પક્ષના આદેશથી સરકારી પ્રધાનોની આસપાસ એમના કાર્યાલયમાં કે એમનાં સલાહકાર મંડળમાં એવા માણસો પેસીને ગોઠવાઇ જાય છે કે રાજા (પ્રધાનો) ને યોગ્ય-સાચા નિર્ણયો લેવામાં પણ બાધક બને છે વળી એમનાં સચિવો પણ 'હા-જી-હા' કરનાર થઇ જાય અને સાચું 'કાયાકીય' માર્ગદર્શન પણ આપતા નથી પરિણામે સરકાર અને પ્રધાનશ્રીની છાપ ખરડાય-વગોવાય છે.

કેટલાક લોકો તો પોતાના સ્થાનની જ ચિંતા કરે ગમે તે પક્ષની સરકાર હોય, 'અંગત મદદનીશ' તરીકે જ બેસવાનાં, 'વફાદારી' જેવો શબ્દ એમની 'સમજ'માં હોતો જ નથી.

સુવિચાર

- મનની પીંછી વડે દુઃખનું જે ચિત્ર દોરવામાં આવે છે તે દુઃખ નથી, ખોટી રીતે કલ્પી લીધેલા આવા ચિત્રો માનવીનાં અંતઃકરણને બેચેન બનાવે છે અને એને ડરાવ્યા કરે છે- **માનસ સૂત્ર**
- ઇશ્વરની પણ કેવી ગજબ રચના છે.. કે જે બહારથી ભયંકર આફત દેખાય છે, તે આફત નથી પણ તે તો ઇશ્વરના આશિર્વાદનો એક પ્રકાર છે **- ભાણદેવ**
- જો તમારે ખરેખર કંઇ કરવું જ હોય તો તમારા શબ્દોનો પડઘો વર્તનમાં મૂકવો જોઇએ.. આમ નહીં થાય તો પાણીના પરપોટાની જેમ તમારા ભાષણો ફૂટી જશે **- સરદાર પટેલ**
- વડલાને ટેટો જમીન પર પડ્યા પછી એવી ચિંતા કદી નથી કરતો કે પોતે એક વિરાટ વૃક્ષમાંથી ઉતરી આવ્યો છે.. વડનું એ નાનું ફળ પોતે જ પરિશ્રમ કરીને ફરી પોતાનામાંથી એક વિરાટ વડલો ખડો કરે છે **- ધ્યાન સૂત્ર**
- આદર્શની આરાધના કરનારે તો અખંડ શ્રદ્ધાનો દીપ બાળીને અંધકારમાંથી માર્ગ કરવો રહ્યો, અને એક વાત કદી ન ભૂલવી જોઇએ.. સ્વસુખની ખાતર ગમે તે મનોરથની પાછળ મરી ફીટવું એ આદર્શ નથી **- મોરારી બાપુ**
- આચાર્ય જે જ્ઞાન ન આપી શકે તેવું જ્ઞાન આપે તે 'અનુભવ'. અનુભવ એ મહાજ્ઞાન છે પણ ચિંતન વિનાના અનુભવમાંથી જ્ઞાનનો જન્મ નથી થતો **- કો. કલામ**
- સૌથી પ્રથમ તો મુશ્કેલી આપણે જાતે જ ઊભી કરીએ છીએ, પછી આપણી આજુબાજુના લોકો તેમાં ઉમેરો કરે છે **- ખલિલ જિબ્રાન**

બોધ કથા

ડોકટરો, ઇજનેરો, વેપારી, કલાકાર, રમતવીર દરેક પોતાના સંતાનને પણ પોતાની 'લાઇન' ધંધો-શોખ સાચવી લે એવા પ્રયત્ન નાનપણથી બાળકના મન પર થોપ્યા કરે છે. બાળકના પોતાનાં રસ-રૂચિનો તો વિચાર જ કરતા નથી.

એક ઉદ્યોગપતિ પિતા, પોતાનો પુત્ર ધંધો સંભાળે એવી પેરવીમાં હતા. પણ પુત્રને સંગીતમાં 'તબલા' વાદનમાં રસ હતો. ભણવામાં ધ્યાન ચોટતું નો'તું.

એક વાર પરીક્ષામાં નબળું પરિણામ આવતાં પિતા ગુસ્સે થયાં અને કહ્યું, 'આ ચામડાં ટીપવાનું રહેવા દે ને ભણવામાં ધ્યાન આપ' અને તબલાં-સંગીત તથા શોખ વિશે પણ ઘણું ભલું-ભુરૂં કહ્યું.

પુત્ર એ રાત્રે જ ઘર છોડી ચાલ્યો ગયો, પિતાએ તેની ભાળ મેળવવા ખૂબ પ્રયત્ન કર્યા પણ સફળ ન થયા.

વર્ષો પછી એ જ શહેરમાં પ્રખ્યાત સંગીતકાર સાથે તબલાં પર સંગત કરશે, માં પુત્રનું નામ વાંચી પિતા તેને મળવા ગયા. પુત્રએ કહ્યું, પપ્પા! હું ભણવામાં નકામો હતો પણ 'તબલા'એ મને જિંદગીમાં સફળ બનાવ્યો છે.

પિતાએ ગદ્‌ગદ્ થઇ કહ્યું, હું તારી ક્ષમા યાચના માટે જ આવ્યો છું, બેટા ત્યારે હું મને જ નો'તો સમજતો તો તને તો હું ક્યાંથી સમજી શકું?!

Email - sureshchandrabhatt18@gmail.com

અહીંના સમુદ્રમાં અવારનવાર તોફાન આવતાં હોય છે, ઘણી વખત ભયંકર વાવાઝોડા આવતાં સમુદ્ર ગાંડોતૂર બને છે ત્યારે આ ટાપુઓ પર કુદરતનો આતંક છવાઈ જાય છે

ફેરી સર્વીસની મોટી બોટમાં સૌથી વધુ પ્રવાસીઓ બેસી શકે તેવી સુવિધા હતી. મોટા ભાગનાં પ્રવાસીઓ રોસ ટાપુ પરથી પરત આવી ગયા હતા. એકાદ બે જણ પાછળ રહી ગયેલાં. તેમના માટે બોટનાં ચાલકે હોર્ન વગાડ્યું. તે પણ દોડતાં દોડતાં આવ્યાં અને સૌ બોટમાં ગોઠવાઇ જતા બોટ આગળ ચાલવા લાગી. રોસ દ્વીપનો કિનારો છોડી બોટ સામે દૂર દેખાતાં વાઇપર દ્વીપ તરફ આગળ વધી રહી હતી.

બપોર પછી વાતાવરણમાં અચાનક પલ્ટો આવ્યો હોય તેમ લાગતું હતું. પવનની ઝડપ વધી હતી અને સમુદ્રના મોજાઓ પણ ઉછળવા લાગ્યાં હતા.

રોસ દ્વીપનાં સુંદર દૃશ્યો અમારી આંખમાં અંજાયેલાં હતા. તે સાથે સાથે અમારી સાથે રહેલા ગાઇડ શક્તિએ રોસ દ્વીપની રસપ્રદ વાતોથી સૌનું કુતૂહલ અને ઉત્સાહ વધારી દીધો હતો. તે હજી પાછળ છૂટી જતાં રોસ ટાપુની બાકી રહી ગયેલી કેટલીક વાતો કરવા આતુર હોય તેમ લાગતાં હું તેની પાસે જઇ બેઠો. મેં પૂછ્યું 'શક્તિ અહીં આવા ગીચ જંગલોમાં કોઇ હિંસક પશુઓ નથી?'

'ના, સર અહીં વાઘ, સિંહ, દીપડા જેવા હિંસક પશુઓ હોવા અંગે તો મેં કદી સાંભળ્યું નથી. પણ અહીં માનવ માનવ પ્રત્યે કેટલો ક્રૂર અને અત્યાચારી બની શકે છે. તે જાણીને રૂંવાડાં ઊભા થઇ જાય તેમ છે. અંગ્રેજોના એ અત્યાચારોથી કદાચ આ જંગલનાં વૃક્ષો પણ ધ્રુજી ઊઠતા હશે. તમે સાચું યાદ દેવડાવ્યું. આ ટાપુ ઉપર ૧૦મી માર્ચ ૧૮૫૮માં ડૉ. જેમ્સ પેટરસન વોકરની આગેવાનીમાં ૧૮૫૭ના પ્રથમ સ્વાધીનતા સંગ્રામના બસો જેટલા રાજદ્વારી કેદીઓને લાવવામાં આવ્યાં હતા. જેમાં રાજદ્વારી કેદી નંબર-૪૬ નિરગુણ સિંહ પણ હતો.' એ ગોરાઓની પલટનનો સિપાઇ હતો. તે બંગાળના નાદીયા જિલ્લાનો રહેવાસી હતો. તે પલટનમાં બગાવત કરાવવાનો સંગીન અપરાધી તરીકે ખટલો ચલાવી અંગ્રેજોએ ૩૧ જુલાઇ ૧૮૫૭ માં કાળાપાણીની સજા ફરમાવી દીધી હતી. તેણે આ ટાપુ પર આવ્યા પછી ચોથા દિવસે દક્ષિણ તરફનાં જંગલમાં ઝાડ પર ગળે ફાંસીનો ફંદો લગાવી આત્મહત્યા કરી લીધી હતી. તેના દર્દનાક મોનની ચીસથી જંગલ ધ્રુજી ઊઠ્યું હતું. પોતાની સામે તેને તડપતો મરતો જોઇને વિવશ, લાચાર અને મજબૂર જંગલના વૃક્ષો પણ રડી પડયા હશે, કેમ કે અંગ્રેજોના ક્રૂર અત્યાચાર અને અહીંનાં ભયંકર વાતાવરણને કારણે તેની માનસિક હાલત ખરાબ થઇ ગઇ હતી. તેના સાથીદારો કહેતા હતા કે સફર દરમિયાન પણ તે ચિત્રવિચિત્ર હરકતો કરતો હતો. હજુ નિરગુણ સિંહના મોતનો ગમ ભુલાય ન હતો ત્યાં મુખ્યભૂમિ દાનાપુર સૈનિક છાવણીના સિપાઇ નારાયણને પણ એ જ રીતે વિદ્રોહના આરોપ સર અહીં લાવવામાં આવેલો. તે ચાતમ દ્વીપ થઇને સમુદ્રમાં કુદી પડીને હૈડો વિસ્તાર તરફ જવાનો પ્રયાસ કરતો હતો ત્યારે સમુદ્રની વચ્ચચે જ અંગ્રેજોની મોટર બોટ દ્વારા એ ઝડપાઇ ગયો. જયારે તેને આ રીતે ત્યાંથી ફરાર થવાની વિગત પુછવામાં આવી તો તેણે કહ્યું કે તે ગમે તેમ કરીને જંગલ ને રસ્તે બર્મા પહોંચવા માંગતો હતો. પછી તો તેનું આવી બન્યું. ડૉ. વોકરે તેને ફાંસીની સજા સંભળાવી દીધી. આ રીતે મૃત્યુદંડનો સિલસિલો શરૂ થયો. તેની અન્ય રાજકીય કેદીઓ પર પણ ઊંડી અસર પડી. અહીં આવું પહેલીવાર બનેલું કે એક સભ્ય સમાજના માનવને મૃત્યુના ઘાટ ઉતારવાની શરૂઆત થઇ. ત્યારે સભ્ય સમાજના આગમનની ખુશી જાણે કે માનતમાં બદલી ગઇ.

'શું એ પછી પણ કોઇ ક્રાંતિકારીઓએ ભાગવાનો પ્રયત્ન કરેલો ખરો?' મેં પૂછ્યું.

'હાં ૧૮મી માર્ચ ૧૮૫૮ની એક અંધારી રાતે અહીંથી ૨૧ જેટલા કેદીઓ સમુદ્રમાં કુદી પડ્યા અને સાઉથ પોઇન્ટ વિસ્તારમાં તરતા તરતા જવા લાગ્યા. તેમના મનમાં પણ એવી ગેરસમજ હતી કે જંગલની પેલે પાર બર્મા છે. પણ એવું હતું નહીં. ૨૩ માર્ચના દિવસે એ બધા પકડાઇ ગયા. આ રીતે બંધક બનાવેલા કેદીઓને ફરાર થવાના કિસ્સા બનતા રહ્યા.'

'શક્તિ મને લાગે છે કે અંગ્રેજોએ ક્રાંતિકારી રાજકીય કેદીઓ ઉપરાંત, બીજા પણ ગુનેગારોને અહીં મોકલતા ખરૂં ને?'

'હા, ૧૬મી જૂન ૧૮૫૮ સુધીમાં ૭૭૩ કેદીઓને અહીં લાવવામાં આવેલા. તેમાં ખતરનાક ખુની અને બીજા અપરાધોમાં સંડોવાયેલા હોય તેવા કેદીઓ પણ હતા. તેમાં ૬૦ જેટલા બંધકોને બિમાર થઇ જવાથી અહીંની કામચલાઉ હોસ્પીટલમાં દાખલ કરાયેલા, જયારે ૬૬ જેટલા મેલેરિયા કે અન્ય રોગોને કારણે મોતના મુખમાં ધકેલાઇ ગયા. તે સિવાય ૨૨૮ કેદીઓ ફરાર થઇ ગયેલા. જેના કારણે ડૉ. વોકરનો સંયમ અને ધૈર્ય ખૂટી પડ્યું. જો કે છેવટે ડૉ. વોકરને ૮૭ જેટલા કેદીઓને પકડી લેવામાં સફળતા મળેલી. તેણે આ રીતે કેદીઓના ભાગી જવાની ઘટનાઓનાં કારણે છેવટે નિર્ણય લીધો કે તેમનામાં દહેશત અને ભયનો માહોલ ઊભો કરવો. જેથી કોઇ કેદી ભાગવાની હિંમત કરે નહીં. ભૂખ્યા, તરસ્યા, થાકેલા, હારેલા ૮૭ કેદીઓને અન્ય કેદીઓની સામે ડૉ. વોકરે એ રીતે મોતને ઘાટ ઉતાર્યા કે જે જોઇને બાકીના કેદીઓ ધ્રુજી ઊઠ્યા. ડૉ. વોકરને એટલું જ જોઇતું હતું. તે આતંક અને દહેશત ફેલાવી હકુમત કરવા માંગતો હતો. તે પછી બાકી રહેલા કેદીઓએ ડૉ. વોકર સમક્ષ સંપૂર્ણ રીતે આત્મસમર્પણ કરી દીધું. અંગ્રેજોના જંગલરાજની શરૂઆત આ રીતે અહીં થયેલી. વાત વાતમાં ગોળીથી ઉડાવી દેવાનું કે ફાંસીએ લટકાવી દેવાનું તેમના માટે ચપટી વગાડવા જેવું હતું.'

એ દિવસોમાં કલકત્તાથી સ્ટીમર દ્વારા કેદીઓને અહીં લાવવામાં આવતા હતા. જો કે તે પછી ડૉ. વોકરે ૮૯ જેટલા કેદીઓને તેમની સારી ચાલચલગત ને કારણે તેમની સજા ઘટાડીને છોડી મુકેલા. તે લોકો આ ટાપુ પર વસવાટ કરવા માંગતા હતા. તેથી ડૉ. વોકરે તેમને દરેક પ્રકારની સગવડો પણ આપવાનું શરૂ કર્યું. આમ જુઓ તો તેના કારણે આ વેરાન વિસ્તાર આબાદ થઇ શક્યો. અને એક અનોખી દુનિયાનો વિશ્વના માનવ સમાજ ને પરિચય થયો. તે માટે ડૉ. વોકરને શાબાશી આપવી પડે. કારણે કે એક તરફ કેદીઓ વારંવાર ફરાર થતા હતા તો બીજી તરફ અવારનવાર અહીંનાં સ્થાનિક આદિવાસીઓનાં હુમલાઓની જટીલ સમસ્યા વચ્ચે ઝૂઝતાં તે હકુમત ચલાવતો હતો. તેમ છતાં એ હિંમત હાર્યો નહીં અને ગમે તેમ કરીને અહીં વિકાસ કરવાનો પ્રયત્ન કરતો રહ્યો. તે દરમિયાન ડૉ. વોકરની હત્યાનું ષડયંત્ર પંજાબથી આવેલા ૨૦૦ કેદીઓએ રચેલું. પરંતુ તેની માહિતી મથુરાદાસ નામના નેવી ગાર્ડ ભારતીય કર્મચારીએ અગાઉથી આપી દેતાં તેનો જીવ બચી ગયો. તેમાં બનેલું એવું કે પહેલી એપ્રિલ ૧૮૫૯ના દિવસે વહેલી સવારે સરદાર સવર શાહ નામના કેદીએ ચોરીને લાવેલી બંદૂકથી ડૉ. વોકર પર નિશાન તાક્યું ત્યાં પાછળથી આવીને મથુરાદાસે બંદૂક છીનવી લીધેલી. પણ તેની પાસે ઉભેલા મહંમદ નામના બીજા કેદીએ મથુરાદાસ પર હુમલો કર્યો. જેના કારણે મથુરાદાસ ગંભીર રીતે ઘાયલ થઇ જમીન પર પટકાયો અને બેભાન થઇ ગયો એટલે પેલો કેદી ડૉ. વોકર તરફ ઝડપથી આગળ વધ્યો. તેવામાં બે ગાર્ડોને મોતની સજા કરવામાં આવી અને ડૉ. વોકરની સુરક્ષામાં વધારો કરી દેવામાં આવ્યો. આ ઘટના પછી પણ અહીં જંગલોની સાફસફાઇ, બેરેકો બનાવવાની અને રસ્તા બનાવવાની કામગીરી ચાલતી રહી.

અહીંના સમુદ્રમાં અવારનવાર તોફાન આવતાં હોય છે. ઘણી વખત ભયંકર વાવાઝોડા આવતાં સમુદ્ર ગાંડોતૂર બને છે ત્યારે આ ટાપુઓ પર કુદરતનો આતંક છવાઇ જાય છે. પહેલી ડિસેમ્બર ૧૮૫૯ ના દિવસે આવું જ એક સમુદ્રમાં આવેલું. તોફાનની પવન અને પાણીના ઉછળતા ઓઘ સામે ટકવું મુશ્કેલ બની જાય તેવું હોય છે. તે વખતે અહીં ખુબ જ નુકશાન થયેલું. બેરેકોની છતો ઉડી ગયેલી અને કેદીઓની ઝૂંપડીઓ પણ તૂટી ગયેલી. જો કે જાનમાલને ખાસ નુકશાન થયું ન હતું. તોફાન સમી જતાં યુદ્ધ સ્તરે મરામતનું કામ શરૂ કરી દેવામાં આવેલું. પીવાના પાણીની સગવડને માટે ચાર કુવાઓની તાત્કાલીક સફાઇ કરાવવામાં આવેલ. તે પછી ડૉ. વોકરે કેદીઓને જીવન જીવવાનો પુરી પાડવા માટે એક ખાસ પ્રસ્તાવ લાગુ કરેલો. તેણે કામને બદલે જ જીવન જરૂરીયાતની ચીજોની હિંમતોનું નિર્ધારણ કરી સારી ચાલ ચલગત ધરાવતા કેદીઓને દુકાનોમાં સ્ટોર કીપર તરીકે નિયુક્ત કર્યા. આ રાતે અહી લેવડ-દેવડના અનોખા બજારની શરૂઆત થઇ. આ રીતે સેલ્ફ મેનેજમેન્ટ અને સેલ્ફ રિલાયન્સની ભાવનાને કારણે કેદીઓ અને અહીંની વ્યવસ્થા સાથે જોડાયેલાં લોકો માટે ડૉ. વોકર નો આ પ્રયાસ લાભકારક પુરવાર થયો. ડૉ. વોકર કેદીઓને તેમનાં કામના બદલામાં મહેનતાણું આપવા લાગ્યો. જેમ કે એક કેદીને તેને સોંપવામાં આખા દિવસના કામના બદલામાં બે આના આપવામાં આવતા હતા. તે વખતે ૧૬ આનાનો એક રૂપિયો હતો. અહીં ડૉ. વોકરનો આ પ્રયાસ રંગ લાવ્યો. કેમ કે કેદીઓ દિવસભર જે કામ કરે તેની મજુરી રૂપે મળતાં નાણાંનો તેઓ પોતાના ભોજન, કપડાં, વિગેરે માટે સ્વતંત્ર રીતે ખર્ચ કરી શકતા હતા. જેથી કેદીઓમાં આત્મનિર્ભયતાની ભાવનાને બળ મળ્યું.

(અનુસંધાન પાના નં. ૬ પર)

ગાંધીનગર સાહિત્ય સભા અનેક સાહિત્યિક પરિસંવાદો, કવિ સંમેલનો, સાહિત્ય પ્રવાસો, પુસ્તક પ્રદર્શન, સાહિત્યિક સ્પર્ધાઓ જેવા કાર્યક્રમો પણ યોજે છે

સમાચાર સેતુ

ગાંધીનગર સાહિત્ય સભા છેલ્લા ૧૭ વર્ષથી કાર્યરત એવી સાહિત્યકારો અને ભાવકો માટે સેતુરૂપ સંસ્થા છે. તેની માસિક બેઠક દર માસના બીજા રવિવારે સાંજે ૫.૦૦ થી ૭.૦૦ દરમિયાન નિયમિત રીતે મળે છે. જેમાં સ્વરચિત ગદ્ય-પદ્ય સાહિત્ય કૃતિઓ સભ્યો દ્વારા તેમજ આમંત્રિત સાહિત્યસર્જકો દ્વારા રજૂ કરવામાં આવે છે. તે ઉપરાંત સંસ્થાના ઉપક્રમે દર વર્ષે છ જેટલી વ્યાખ્યાન માળાઓ પણ રાખવામાં આવે છે. જેમાં સાહિત્યની સાથોસાથ શિક્ષણ, સંસ્કૃતિ, કલા અને સામાજિક નિષ્ઠત ધરાવતા નિષ્ણાત તજજ્ઞો દ્વારા સૌને પ્રેરક એવાં પ્રવચનો યોજાય છે.

ગાંધીનગર સાહિત્ય સભા અનેક સાહિત્યિક પરિસંવાદો, કવિ સંમેલનો, સાહિત્ય પ્રવાસો, પુસ્તક પ્રદર્શન, સાહિત્યિક સ્પર્ધાઓ જેવા કાર્યક્રમો પણ યોજે છે.

આ બધા કાર્યક્રમોમાં આપ પણ ભાગ લઇ શકો છો. તેના નિયમિત આમંત્રણો મેળવી શકો છો. તેમજ સાહિત્ય અને સમાજોપયોગી કાર્યોમાં આપનો સક્રીય સહયોગ આપી શકો છો. તે માટે ગાંધીનગર સાહિત્ય સભા પોતાને વધુને વધુ લોકોપયોગી અને સમાજોન્મુખી બનાવવા માટે તેની સદસ્ય સંખ્યાના વિસ્તૃતિકરણ માટે તા. ૧/૯/૨૦૧૩ થી તા. ૧૫/૯/૨૦૧૩ સુધી નવીન સભ્યો બનાવવા

સર્જકો અને ભાવકો વચ્ચેનો સેતુ 'શબ્દ સેતુ'

સંપાદકો : નટવર હેડાઉ / મૂળજીભાઇ પરમાર 'દધિ'

ઝુંબેશ શરૂ કરેલ છે. ગાંધીનગર સાહિત્ય સભાની આજીવન સભ્ય ફી માત્ર રૂા. ૫૦૦/- છે. જે કોઇને તેમાં સદસ્ય થવું હોય તેમને પ્રમુખ દોલતભટ્ટ, મો. નં. ૯૮૨૫૫૨૬૨૫૫, ઉપપ્રમુખ ભરત કવિ, મો. નં. ૯૪૨૬૪૧૫૭૨૭, મંત્રી - નટવર હેડાઉ, મો. નં. ૯૪૨૮૪૧૭૪૦૬ નો સંપર્ક કરવા જણાવ્યું છે.

● ૧લી સપ્ટેમ્બર રવિવારના રોજ માણસા ખાતે સાહિત્ય સત્ર યોજાશે

સર્વોદય હાજર એજ્યુ. સોસાયટી સંચાલિત એસ.ડી. આર્ટ્સ એન્ડ કોમર્સ કૉલેજ માણસા, (જિ. ગાંધીનગર) ના ગુજરાતી અનુસ્નાતક કેન્દ્ર અને કાવ્ય ગોષ્ઠિ (અમદાવાદ) ના ઉપક્રમે તા. ૧લી સપ્ટેમ્બર ૨૦૧૩ રવિવાર સવારે ૮.૦૦ થી ૬.૩૦ દરમિયાન સાહિત્ય સત્ર યોજાયું છે. જેના સત્રાધ્યક્ષ તેમજ ઉદ્‌ઘાટક જાણીતા સાહિત્યકાર વિનોધ અધ્વર્યુ રહેશે. જયારે અતિથિ વિશેષ પદે વી.સી. પરીખ અને રવિન્દ્ર ઠાકોર ઉપસ્થિત રહેશે. કૉલેજનાં પ્રિન્સિપાલ ડૉ. હાસ્યદા પંડ્યા સૌનું સ્વાગત કરશે જયારે ચંદુ મહેસાનવી સંસ્થાનો પરિચય આપશે.

આ કાર્યક્રમમાં સૌ પ્રથમ ડૉ. મફત ઓઝાને શબ્દાંજલિ આપવામાં આવશે. તે પછી ડૉ. રાજેશ વ્યાસ 'મિસ્કીન', 'હું એ મારી ગઝલયાત્રા', કવિ અને વિવેચક ડૉ. અશોક 'ગઝલમાં આમ આદમી' ડૉ. સતીશ વ્યાસ (નાટ્ય સર્જક, વિવેચક, સંપાદક) 'પ્રશિષ્ટ સાહિત્યઃ વિભાવના અને મહત્ત્વની કૃતિઓ તેમજ ડૉ. મૃદુલા પારિક' 'તુલનાત્મક સાહિત્યમાં અનુવાદનું મહત્ત્વ અને સમસ્યાઓ' તેમજ ડૉ. ભરત સોલંકી 'ટૂંકી વાર્તાનું સ્વરૂપ અને અનુ આધુનિક ગુજરાતી ટૂંકી વાર્તા' અને ડૉ. યશોધર રાવલ 'લલિત નિબંધના મહત્ત્વના સ્થિત્યંતરો' જેવા વિષયો પર વક્તવ્યો આપશે. તે પછી ઉપસ્થિત કવિઓ દ્વારા કાવ્ય પઠન કરવામાં આવશે. તેમ કાવ્ય ગોષ્ઠિના કન્વીનર ચંદુ મહેસાનવીએ જણાવ્યું છે.

● ગાંધીનગર સાહિત્ય સભાની આગામી માસિક બેઠક તા. ૮/૯/૨૦૧૩ ના સાંજે ૫.૦૦ કલાક બ્રહ્મ ભવન, વિદ્યા લાઇબ્રેરી પાછળ, સેક્ટર-૧૬, ગાંધીનગર ખાતે મળશે, જેમાં સર્જકો દ્વારા સ્વરચિત ગદ્ય-પદ્ય કૃતિઓનું પઠન કરવામાં આવશે.

કવિતા સેતુ

ગાંધીનગરનો જન્મદિન ઉજવીએ

ગાંધીનગરના જન્મદિને ગાંધી તમારી યાદ આવી
સોણલાં સુમધુર સહજ સુંદર સાથ લાવી
મહોત્સવ અનેરો આજ સૌ ઉજવે સાથ મળી
અરૂણોદયે જન્મદિન પૂજા અર્ચન કરી કેક કાપી
ગાંધીનગર દેદિપ્યમાન હરિયાળું કરવા ગ્રીનસીટી,
છોડ વિતરણ, વૃક્ષારોપણ ને વન વિર્માણ રેલી,
જનજાગૃતિ આણી ઘરે ઘરે રોપા મનોહર રોપી
પ્રણ ધરી છોડવા ઉછેરવા નિયમિત પાઇ પાણી
ગાંધીપ્રિય વિચારિત કાર્યક્રમો સમયાંતરે કરીએ
ગાંધીમૂલ્યોનું જતન થાય તદર્થે મથી રહીએ
સત્ય, અહિંસા, પ્રેમથી સૌ હળીમળી સાથે રહીએ
ગાંધીનગર એવું બનાવીએ કે શામળો ભૂલે સ્વર્ગને

- સુમંતભાઇ મં. શાહ

શ્રેષ્ઠ શ્રાવણ આવ્યો

રૂમઝૂમ કરતો મનભાવન શ્રેષ્ઠ શ્રાવણ આવ્યો
રીમઝીમ વરસતી વહાલી વર્ષારાણીને સાથે આજે લાવ્યો
અંબર માટે ઘનઘોર કાળાં વાદળની મોટી સેના લાવ્યો
અવનિ કાજે વનરાજીની લીલીછમ્મ ચૂંદડી લઇ આવ્યો
મનભાવન શ્રેષ્ઠ શ્રાવણ આવ્યો...
મહાદેવના માનીતા ભોળા ભૂદેવ માટે શ્રાવણી પર્વ લાવ્યો
ભગિનીના નિર્મળ સ્નેહમાં ભીંજાતા ભાઇ માટે રક્ષાબંધન લાવ્યો
કૃષ્ણભક્તને ભક્તિમાં ઘેલા કરવા પર્વ જન્માષ્ટમીનો લાવ્યો
ભોળાનાથ મહાદેવને રિઝવવવા પાવન પર્વ લઇ આવ્યો
મનભાવન શ્રેષ્ઠ શ્રાવણ આવ્યો...
મનમોજી થનગનતા મયુરને ટહૂકતી કોયલ માટે સૂરતાલ લાવ્યો
પરદેશ વસતાં વહાલાં વાલમની મધૂર યાદોંની વણઝાર લાવ્યો
મનગમતા તહેવારોને લોકમેળામાં યૌવનની વસંત લાવ્યો
મેહુલિયાની મોજ માણતા યૌવન માટે પ્રેમસંદેશ લઇ આવ્યો
મનભાવન શ્રેષ્ઠ શ્રાવણ આવ્યો...
પ્રેમદિવાના પ્રેમીયુગલને પાગલ કરવા વર્ષાની હેલી લાવ્યો
ભીંજાયેલી સજનીના રૂપ નિતરતા નટખટ સાજનને લાવ્યો
મોંઘવારીને નાથનારા ગરીબોનાં સાચા તારણહારને લાવ્યો
જગતતાતને હૈયે હામ આપવા મહામોંઘા મેહૂલિયાને લઇ આવ્યો
મનભાવન શ્રેષ્ઠ શ્રાવણ આવ્યો...

- ઇશ્વરલાલ દેવશંકર જોષી

નાણાંનું ઝાડ ઊગે તો પણ જીવનમાં સુખી નથી થવાતું, નાણાં ઉગે તેમ રોકવાને બદલે સંસ્કાર ઊગે તેમ જો રોક્યા હોત તો દીકરો સંસ્કારી થાત

આજે રસ્તામાં શાહ-દંપતિ મળી ગયા, શાહ સાહેબને જોઇ મને ધ્રાસકો પડ્યો... ક્યાં બે વરસ પહેલાનાં શાહ અને ક્યાં આ... એ વખતે શાહ સાહેબ એટલે સફાઇદાર કપડાં, ગોરો ચહેરો, સૌ સામે તુચ્છકારથી જોતી આંખો અને અભિમાની ચાલ... તેના સ્થાને સાવ નિસ્તેજ ચહેરો, ચોળાયેલા કપડાં ને નીચી નજર, આમ કેમ? ચોક્કસ કુટુંબમાં કંઇ અઘટિત પ્રસંગ બન્યો હશે નહિતર...? આવી સ્થિતિ - આમ ચા ચાલતા ન હોય.

તેઓની ટેવની મને બરાબર ખબર, સ્વભાવે મહાન ચિંગુસ. ક્યારેય કોઇને 'ચા' પણ ન પાય. પાકા ગણતરીબાજ. દરેક બાબતમાં હિસાબ માંડનારા ને બને તો ખર્ચ કરવાની વાતથી આઘા જ રહે. અમે સૌ શહેરની એક કોલેજમાં સાથે નોકરી કરતા. કોલેજના પ્રાધ્યાપકો ૬૦% સમય ભણાવાનો તો ૪૦% સમય વાતો કરવામાં ગાળવાની ટેવવાળા, રીસેસ દરમિયાન શાહ દંપતિ ઘણીવાર અમારી કેબીનમાં આવે બંને અર્થશાસ્ત્ર વિભાગમાં.

કેબીન આવે એટલે વાતો તો જામે. એ વાતોમાં શું હોય? યુવાનોની વાતોમાં ફિલ્મને પ્રેમની વાતો તો નોકરીયાતોની વાતોમાં મોંઘવારી અને ભથ્થાની વાત. મહિલાઓ મળે તો કામવાળાનો કકળાટ ને પછી મોંઘવારીની વાતો, આમ મોંઘવારી અને આર્થિક ભીંસની વાતો અમારી કેબીનમાં થાય.

આવા વખતે શાહ સાહેબ કાયમ કહે, 'તમને' સૌને નાણાંનું વાવેતર કરતાં નથી આવડતું. વાવેતર તો એવી રીતે કરવું જોઇએ. જેથી ભવિષ્યમાં નાણાંનું ઝાડ ઊગે. હું તો દર મહિને એવી રીતે જ નાણાં રોકું છું. પેન્શન પર ઉતરીશ ત્યારે રોજની ત્રણ નોટ વ્યાજ પેટે મળતી હશે. અને બે નોટ પેન્શનની પછી ભલેને મોંઘવારી વધે...

અમો જુનિયરો તો તેમની વાતોથી ભારે પ્રભાવિત થઇ જતાં, શાહ સાહેબ જેમ આપણે પણ વાવેતર કરીએ તેવી કલ્પના કરવા લાગતા. પણ અમારી બચતો માંડ મહિને એક નોટ જેટલી પણ ન થાય. અમોને કાયમ વિચાર થાય. શાહ સાહેબ બચત કેમ કરતા હશે. એક દિવસ વાતવાતમાં પૂછ્યું, 'શાહ સાહેબ' તમારી વાવેતરની તથા બચતની રીત તો બતાવો.

શાહ સાહેબ હસીને કહે, 'જુઓ તમો સૌ કેટલા ને કેવા ખોટા ખર્ચા કરો છો. ચા-પાણી નાસ્તા-ફરવાનું જ મિત્રોને ત્યાં આવન-જાવન. આ સૌનો નાણાંકીય હિસાબ માંડો.' તમારા બાળકોને ઊંચી ફી ભરી સારી શાળામાં ભણાવો છો. ટ્યુશનો પાછળ ખર્ચ કરો છો. વરસમાં ડોનેશનો આપો છો. સતવાદી થઇ સમયસર ટેક્સ ભરો છો. થોડી ઘણી બચત સરકારી બેન્કોમાં રાખો છો? આવા તમામ પાસાનો વિચાર કરો. તેની પાછળ થતાં ખર્ચના આંકડા માંડો... કેટલી વ્યાજખાદ્ય આવે તે જુઓ.

**જુઓ હું તો મારા બાળકોને સરકારી શાળામાં જ ભણાવું છું. ટેક્સ ક્યારેય ભરતો નથી. ઊંચું વ્યાજ આપતાં ફાઇન્સરને જ શોધું ને ત્યાં જ નાણાં રોકું. ક્યાંક છત્રીસ મહિને દોઢા તો ચોપન મહિને બમણાં થાય એવા શ્રોફ શોધું. કર્ણાટકમાં મારા નામે પાંચ સાગ વૃક્ષો છે તે મોટા થતાં બસો ઘનફુટ લાકડું મળશે અને સાગનો ભાવ તો ખબર છે ને ... બસ પેન્શન પર ઉતરીશ ત્યારે કોઇ ચિંતા નહિં હોય... અમને શાહ સાહેબની વાતો ગળે ન ઉતરી. તે માત્ર પૈસા